



## સલામી સવારની..

*ગાંધીજી સમયથી સૌ ગૌવંશનાં ગીત ગાય છે,*
*રમે રાજકારણ સૌ કાયદાનાં ગાણાં ગાય છે.*
*'ગાય' છે એમનું આર્થિક સાધન, દે દૂધ સ્વાર્થનું*
*છતાં દંભીઓ પકડે પૂછડું, 'પવિત્ર' ગાય છે*
*(બેધારી નીતિ)*

હાઈકુ

*ખેડૂ જૂથનાં*
*ઐક્ય - સંગઠનથી*
*ગભરામણ!!*

*સંચાલકોની*
*'પ્રવેશ' - 'ફી' લેવામાં*
*થાય પરીક્ષા...*

## ચિંતન

**પ્રમાદાદ દ્વિષતાં વશમુપયાસ્યતિ**

ઉપરોક્ત શ્લોક ચાણક્યસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

પ્રમાદના કારણે જ આ ભેદ શત્રુઓ સુધી પહોંચે છે.

મંત્રાણાઓને ગુપ્ત રાખવામાં થોડી સરખી પણ બેપરવાઈ દર્શાવવામાં આવે, જરા સરખો પણ પ્રમાદ દાખવવામાં આવે તો રાજયકારભાર અંગેના સર્વ ગુપ્ત ભેદ શત્રુઓને પહોંચે છે અને રાજય માટે અનિષ્ટોને આમંત્રે છે.

આજકાલ ફરજ પ્રત્યે નિષ્ઠાનો અભાવ અને આળશને કારણે તથા થોડા ઘણા 'પૈસા'ની લાલચમાં આપણા દેશવાસીઓ, સૈનિકો, કર્મીઓ-ખરીદી લેવાય છે અને દેશદ્રોહ કરી રાષ્ટ્રને, નાગરિકો તથા મિલ્કતોનું મોટું નુકશાન કરે છે.

આવા દેશના સત્રુઓને મોટી સજા ફટકારી, ઉદાહરણ બેસાડી, બાલ્યાવસ્થા 'મૂલ્યો'ની કેળવણી - શિક્ષણ - સંસ્કાર આપવા જોઈએ.

## સુવિચાર

- કીર્તિ એવી ચીજ છે કે જે માણસે સ્વયં કમાવી પડે છે - **આર્થર શોપનહોવર**
- અંધશ્રદ્ધા કરતાં ભયમાં વિશ્વાસ રાખવો બહેતર છે - **સંત ફ્રાન્સિસ**
- સત્યનો સૌથી શક્તિશાળી મિત્ર છે સમય, સત્યનો સૌથી શક્તિશાળી દુશ્મન છે પૂર્વગ્રહ - **જનકલ્યાણ**
- માનવ પ્રેમ ઉતાવળે કરે છે અને ધૃણા નિરાંતે - **સોક્રેટિસ**
- જે સરકાર જનતાને ખુશ રાખવા માગતી હોય અને જેને ખબર હોય કે આ કામ કઈ રીત થઈ શકે છે એ શ્રેષ્ઠ સરકાર છે - **બર્નાડ શો**
- જયારે માણસ પોતાની જાત સાથે યુદ્ધ શરૂ કરે છે ત્યારે જ એનું ખરું મૂલ્યાંકન થાય છે - **ઓશો**
- આજનું ઔષધ : દાઝ્યા ઉપર ફટકડી પાણીમાં ઓગાળી ભીનો પાટો કરી બાંધવાથી રાહત થાય છે.

**(સંકલન : દિપક વી. આશરા)**

## બોધકથા

જ્ઞાની અને હાજર જવાબી માણસ પોતાની બુદ્ધિથી ગમે તેવી સમસ્યાઓનો ઉકેલ સરળતાથી લાવી શકે છે.

ગરીબ અને અભણ એવો સાત્વિક નિર્મળ બ્રાહ્મણ રાજા પાસે ગયો. રાજા દાની હતો પણ બ્રાહ્મણની પરીક્ષા લેવા રાજાએ કહ્યું, 'ભલે આપ માંગો છો પણ મારા અમુક સવાલોના કંઈક સૂચક, તર્કસંગત જવાબ આપશો તો હું તમને એકસો સોના મહોરો આપીશ.' બ્રાહ્મણે કહ્યું, રાજન, હું તો અભણ છું પણ મારો પ્રભુ ભણેલો છે તેમને જરૂર મદદ કરશે, ભગવાનને આપનો સવાલ પૂછી અને પછી હું જવાબ આપીશ. રાજાએ પૂછ્યું, 'ભૂદેવ, તમને આખા શરીર ઉપર વાળ છે, પણ હથેળીમાં વાળ કેમ નથી?' બ્રાહ્મણનો જવાબ, 'મહારાજ, હું રહ્યો યાચક મારો વ્યવસાય નિત્ય દાન લેવાનો, વારંવાર દાન લેતા મારા હથેળીના વાળ ઘસાઈ ગયા છે.' રાજાએ કહ્યું, 'તો પછી મારી હથેળીમાં વાળ કેમ નથી?' બ્રાહ્મણે જવાબ આપ્યો, 'રાજાજી આપતો રોજ ઘણુંબધું દાન આપો છે તેથી આપની હથેળીના વાળ ઘસાઈ ગયા છે.' રાજાએ કહ્યું, 'તો આ સેવકો, ચોકીદારો દરબારીઓ તો કંઈ દાન લેતા નથી કે દાન દેતા નથી તો એમની હથેળીમાં વાળ કેમ નથી?' તેઓ દાન લેનારની અને દાન દેનારની બેવની ઈર્ષ્યા કરે છે અને આ અદેખાઈમાં હાથ મસળ્યા કરે છે આમ એમની હથેળીમાંયે વાળ નથી.' રાજા અભણ બ્રાહ્મણની વાતથી રાજી થઈ એક સો સોનામહોરો દાનમાં આપી વિદાય કર્યો.


# અસ્તિત્વની લડાઈ લડતી કોંગ્રેસ

*તંત્રીસ્થાનેથી...*

કોંગ્રેસ માટે આ સમય અસ્તિત્વની કટોકટીનો છે. આવા કપરા સંજોગોમાં પોતાનું વજૂદ ટકાવી રાખવા માટે સ્વાભાવિક રીતે જ કોંગ્રેસની નેતાગીરી તમામ સ્તરે ફેરફારો કરવાની તૈયારી કરી રહી છે. ૧૮૮૫ ની ૨૮મી ડિસેમ્બરે સ્થપાયેલ પાર્ટી આજે હાંસિયે ધકેલાઈ ચૂકી છે. સંસદમાં રાજયસભાની એની બેઠકો પણ ક્રમશઃ ઘટતી જતી રહી છે તેમ લોકસભામાં તો મોદી મોજા હેઠળ એ અધિકૃત વિપક્ષનો દરજ્જો પણ મેળવી શકેલ નથી. એક પછી એક કોંગ્રેસ શાસિત રાજયોમાં ભાજપ કબજો કરી રહ્યું છે. દેશના પોણા ભાગ પર ભારતીય જનતા પાર્ટીનો સુવાંગ કબજો અથવા સત્તામાં ભાગીદારી છે. આવી પરિસ્થિતિમાં એક પછી એક બધી ચૂંટણીઓમાં પીછેહઠ અનુભવી રહેલી એક સમયની ધુરંધર રાષ્ટ્રીય પાર્ટીએ છેલ્લે સમ ખાવા પૂરતું પંજાબ અંકે કર્યું, પણ સામે ઉત્તરાખંડ અને મણિપુર ગુમાવ્યાં. હવે જયારે નજીકના ભવિષ્યમાં ગુજરાતની ચૂંટણી આવી રહી છે ત્યારે કોંગ્રેસ હાઈકમાંડને એમાં લાખો નિરાશાઓ વચ્ચે આશાની સોનેરી લકીર દેખાઈ રહી છે. એક તબક્કે ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટી વિરુદ્ધ વ્યાપક લોકમત ઊભો થઈ રહ્યો હોય એવું વાતાવરણ સરજાયું હતું. એ સમય હવે વહી ગયો છે. ઉત્તરપ્રદેશ સહિતની ચૂંટણીઓમાં ફરી એક વાર મોદી વાવાઝોડું ફૂંકાતાં હવે ગુજરાતને સાચવી લેવા બેઉ હરીફ રાજકીય પક્ષો આકાશપાતાળ એક કરી રહ્યા છે. જે રીતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને પાર્ટીના અધ્યક્ષ અમિત શાહ ગુજરાતની આગામી ચૂંટણીને પ્રતિષ્ઠાનો પ્રશ્ન બનાવી રહ્યા છે તે જોતાં કોંગ્રેસ માટે એમની ઝીંક ઝીલવાનું વધુને વધુ અઘરું બની રહ્યું છે. અમિત શાહનું ચૂંટણી આયોજન પરિણામલક્ષી હોય છે.

ગુજરાતના સૌથી પવિત્ર યાત્રાધામ સોમનાથ ખાતે કાર્યકરો અને પ્રદેશ સમિતિની બેઠકમાં અમિત શાહે ગુજરાતમાં દોઢસો પ્લસ બેઠકોની હાકલ કરી છે એ ફક્ત ફુગ્ગો ફુલાવવાની વાત નથી. એમણે જયાં જયાં કોંગ્રેસ મજબૂત છે ત્યાં વધુ સઘન કાર્યવાહી અને સરકારી કાર્યક્રમો કરવા ઉપરાંત આખા ગુજરાતની તમામ બેઠકોના 'પેજ કો-ઑર્ડિનેટર' નીમવા સુધીનું માઈક્રો પ્લાનિંગ કર્યું છે. આવા લાખો પેજ-પ્રમુખોની વિશાળ રેલી યોજીને અમિત શાહ એમને ૧૫૦+બેઠકોનો લક્ષ્યાંક સિદ્ધ કરવા કૃતસંકલ્પ છે. સામા પક્ષે કોંગ્રેસને પણ વર્ષો પછી 'કમ બૅક' કરવાની ઝંખના જાગી છે. જો કે એમાં ભાજપ જેટલી સક્રિયતાનો અને ઉત્સાહનો ઉભાવ છે અને બે મુખ્ય નેતાઓ વચ્ચે કહેવાતી સ્પર્ધાનો સતત દેખાડો પ્રજાથી લઈ કોંગ્રેસ હાઈકમાન્ડ સુધી ચિંતાનો વિષય બની રહ્યો છે. ગુજરાત વિધાનસભામાં વિપક્ષના નેતાના નિવાસસ્થાને કેટલાક ધારાસભ્યોની બેઠકમાં હાજર રહેલા પ્રભારી ગુરુદાસ કામતને પ્રભારી પદ પરથી ખસેડી રાજસ્થાનના પૂર્વ મુખ્યમંત્રી અશોક ગહલોતને એ જવાબદારી સોંપીને કોંગ્રેસ હાઈકમાંન્ડે પાર્ટીમાં ચાલતા આંતરિક ડખાનો ઉકેલ આણવાની દિશામાં પગલું ભર્યું છે. કોંગ્રેસ માટે સત્તા સ્થાન સુધી નહીં તો એની નજીક પહોંચી નાક બચાવી લેવાની તક હજી સરી ગઈ નથી. ગુજરાતની ચૂંટણીમાં કોંગ્રેસ કેવો દેખાવ કરે છે, તેના પરથી કોંગ્રેસની ભવિષ્ય નિર્ધારિત કરવાની સંભાવના સમજી શકાશે. કોંગ્રેસે જીવવાની અને જીતવાની ઈચ્છાશક્તિ અકબંધ અને અક્ષુણ્ણ રાખવી પડશે. આખરે દેશને કોંગ્રેસ નેસ્તનાબૂદ થઈ જાય તે પોસાય તેમ નથી. લોકશાહીને જીવતી રાખવા માટે પણ કોંગ્રેસ જીવતી રહે તે જરૂરી છે.

# ગાંધી : વણિકમાંથી વૈશ્વિક ને માણસ નામે મહાત્મા એવા બાપૂ




ગાંધીજી અને આપણામાં મહદઅંશે ફેર એટલો કે આપણે કોઈ ચીજવસ્તુ હોય કે ઘટના ઉપર ઉપરથી જોઈએ જયારે ગાંધીજી તમામ રીતે ઊંડાણથી જોઈ અને વિચાર કરતા હતા એ પછી અમલમાં કરવાનો તબક્કો આવતો હતો. આપણે આપણી બુદ્ધિના સહારે તર્કની અક્કલ લડાવીને દલીલ કરતા હોઈએ છીએ. કામ કરતાં આપણા માટે દલીલ વધારે મહત્ત્વની હોય છે પણ ગાંધીનું ધ્યાન મૂળથી હટતુ નથી. આપણે જો દેશની ગરીબીની કે ભૂખમરાની વાત હોય તો સરકાર અને સમાજની નિસ્બત અને એની પાછળના કારણોની ચર્ચા કરીએ. જયારે ગાંધીજીને તો ભૂખ્યા માણસોનો જ સીધો વિચાર આવે. ગાંધીને ફાટેલા કપડા વાળો, શરીરના તમામ હાડકાં-પાંસળા ગણી શકાય એવો કૃશકાય ભૂખ્યો મનુષ્ય જ ભૂખમરાની ચર્ચા થતી હોય ત્યારે તરવરતો હોય. ગાંધીજી આ ભૂખમરાની ચર્ચાના સવાલમાં પોતાની જાતને જ સવાલ કરતા કે આ નિર્બળ ભૂખ્યા ભારતીયમાં સાચો પ્રાણ કઈ રીતે ફૂંકવો? એનું ભલું મારાથી શક્ય છે?

**ગરીબ વૃદ્ધાના એક પૈસાના દાનનો મહિમા બાપૂએ વધારી દીધો**

આવો સવાલ ગાંધીજીને આવતો અને જવાબ જો 'હા'માં હોય તો પ્રશ્નનો તત્કાળ હલ લાવવામાં તેઓ ખૂંપી જતા હતા. અને જો જવાબ 'ના' મળે તો એના ઉપર વિચાર કરવાનું છોડી દેતા હતા. ગાંધીજીએ તો તે આ પ્રકારની કસોટી કરીને આગળ વધતા હતા એમ જણાય છે.

પરમાત્મામાં અખૂટ શ્રદ્ધા ધરાવતા ગાંધીજીએ, નરમાં જ નારાયણના દર્શન થતા હતા. આ નિર્ધર-નિર્બળની સેવા સાધનામાં તેમણે જીવનનો ઉપયોગ કર્યો હતો. સત્યનો એમનો દરેક પ્રયોગ પ્રેમ અને કરુણાથી સભર રહેતો હતો. ગાંધીજીના આ પ્રકારની સેવા સાધનાના કારણે જ સમાજ તેમના સ્વયંભૂ રીતે 'મહાત્મા' તરીકે સ્થાપિત કર્યા હતા. ભારત જ નહીં સમગ્ર દુનિયામાં 'મહાત્મા' તો અનેક થયા છે અને આગળ પણ થતાં રહેશે. રાજનેતા પણ અનેક થઈ ચૂક્યા છે અને થશે. પણ ગાંધીજી મહાત્મા અને રાજનેતા હોવા છતાં ખરાં અર્થમાં માણસ હતા. એવા માણસ કે જેનામાં નાના-મોટાનો ભેદ ન હતો. તેમના સંપર્કમાં આવેલા દરેકે તેમનો પ્રેમ મેળવ્યો હતો. આ પ્રેમમાંથી જ આપણે બાપૂ તરીકે તેમને નભાવ્યા હતા. એ ગાંધી રહ્યા ન હતા કે મહાત્મા કહેવાયા છતાં રહ્યા ન હતા પરંતુ સૌના બાપૂ બન્યા હતા. અથવા એમ કહી શકાય કે ગાંધીજી એક સાથે માનવ-મહાત્મા - લોકનેતા-સંત હતા અને બાપૂ પણ હતા. આથી જ તેમની સાથે જોડાયું છે 'માણસ નામે મહાત્મા.'

ગાંધીજીએ પોતાના બે હાથ વડે અનેક હાથનું કામ એક સાથે કર્યું અને બે આંખોથી અનેક આંખોનું કામ લીધું હતું. કોઈને સલાહ આપી હોય તો તેનું સાચું હિત શેમાં સમાયું છે એના ગ્રહણ ચિંતન બાદ આપી હોય એવું બનતું હતું. કોઈને રસ્તો દેખાડ્યો પણ પહેલા એ રસ્તા ઉપર પોતે ચાલીને જ દેખાડ્યો હોય. કોઈને ઉપદેશ આપવામાંથી તેઓ પણ રહ્યા. સીધેસીધા ઉપદેશક બનવાને બદલે તેમને પોતે અનુભવ કર્યો હોય જ. એ પછી બીજાને તેઓ એ પ્રયોગમાં જોડતા હતા. ત્યાં સુધી નહીં.

આજીવન ગાંધીજીએ ધરતીની ધૂળમાં જ બેસીને શ્રમ અને સેવાની આહલેક જગાવી. કોઈ અવકાશી વચનો ઉપદેશમાં આપવાથી દૂર રહ્યા. રેતીમાંથી રતન શોધવાની પ્રવૃત્તિ દ્વારા તેમણે સતત સમાજ શિક્ષણના કાર્યો કર્યે જ રાખ્યા. આવી તેમને આગવી વિશેષતાઓના કારણે જ ગાંધી આજે પણ આપણા હૃદય સિંહાસન પર સ્થાન પામ્યા છે.

ગાંધીજી દરેક કામનું નિરીક્ષણ પણ બહુ જ ચીવટપૂર્વક કરતાં અને સમાજનો અદનામાં અદનો માણસ પણ તેમની સાથે જોડાય એની ખાસ કાળજી રાખતા હતા. આવો એક સુંદર મજાનો પ્રસંગ છે યાદ રાખવા લાયક. ગાંધી કેમ મહાત્મા કે ગાંધી બાપુ એની સમજ આપે એવો આ પ્રસંગ છે.

૧૯૩૪ બિહારમાં જયારે ભૂકંપે તબાહી સર્જી ત્યારે ચંપારણ જિલ્લામાં રાહતકાર્યના આર્થિક મદદ માટે તેમણે દાનની ટહેલ નાંખી હતી. એમની આ અપીલ અનેક મહિલાઓએ પહેરેલા ઘરેણાં ઉતારીને દાનમાં આપી દીધા હતા. આ સમયે એક ગરીબ વૃદ્ધા પણ દાન

**અનુસંધાન પાના નં. ૭ પર**

# સ્વાતંત્ર્ય સંગ્રામનો સુવર્ણ મણકો : ઠાકોર કેસરીસિંહજી







સંત સૂતા ભલા ભક્ત
જે ભોમમાં,
પીર પોઢ્યા જહાં ઠામ ઠામે
ડુંગરે ડુંગરે દેવની દેરીઓ
ખાંભીઓ ખોંધની ગામ ગામે
કૈંક કવિઓ તણાં ભવ્ય
ઉરભાવની, જ્યાં વહી સતત
સાહિત્ય સરણી, ભારતી માતને
ખોળલે ખેલતી, ધન્ય હો !
ધન્ય હો ! કચ્છ ધરણી.

કવિ દુલેરાય કારાણીની ભાતીગળ પંક્તિઓમાં જે ભોમકાનું વર્ણન થયુ છે એજ ભૂમિએ દેશના સ્વાતંત્ર્ય સંગ્રામની ગતિવિધિઓમાં આગલી હરોળમાં મૂકી શકાય તેવા શામજી કૃષ્ણવર્માની ભેટ દેશને આપી છે. પ્રખર ક્રાંતિવીર શામજી કૃષ્ણવર્માનું સ્મારક અને તેમાં વીર ક્રાંતિકારી કેશરીસિંહજી બારહઠ્ઠના તૈલચિત્રનું અનાવરણ તા.૨૩ એપ્રિલ-૧૯૧૭ના રોજ થઈ રહેલું છે તે મહાસાગરની ઘૂઘવતી શાક્ષીએ થતું એક વિચારશીલ તથા પ્રશંસનિય કાર્ય છે. પંડિત શામજી કૃષ્ણવર્મા સ્મારકના સંચાલકો, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંચાલિત રાજકોટનું મેઘાણી કેન્દ્ર તેમજ ચારણ ગઢવી ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન (સી.જી.આઈ.એફ.)નો સહયોગ તથા સ્થાનિક સંસ્થાઓના પૂરક બળથી આ કાર્યક્રમની ભવ્યતા વધી છે. ક્રાંતિકારી કેશરીસિંહજી બારહઠ્ઠ તથા તેમના સમગ્ર પરિવારનું સ્વાતંત્ર્ય સંગ્રામના ઈતિહાસમાં ઉજળું અને અનોખુ યોગદાન છે.

જેલમાં ઠાકુર સાહેબે યાતનાપૂર્ણ સ્થિતિમાં ગાળેલા વર્ષોનો ઈતિહાસ એક સ્વતંત્ર પુસ્તક લખી શકાય તેવો છે. ભલભલા માનવીની હિંમત તુટી જાય, શ્રધ્ધા ડગી જાય તેવો એ આકરો સમય હતો. પરંતુ વીર સાવરકર જેવા ક્રાંતિવીરોમાં જેમ દેશની મુક્તિ માટેનો અગ્નિ ગમે તેવા કપરા કાળમાં નિરંતર પ્રજ્વલિત રહ્યો હતો તેવી જ સ્થિતિ ઠાકુર સાહેબની હતી. આ મહામાનવને કાળી કોટડીમાં નાખ્યા બાદ તેમના કુટુંબની તમામ મિલ્કત જપ્ત થયાની જાણકારી મળી હોવા છતાં તેમના જુસ્સામાં કોઈ ફેર પડતો નથી. કુટુંબીજનોને પણ આ બાબતો હસતા મુખે સહન કરવાની સલાહ આપે છે. આઝાદી માટેનો પુરુષાર્થ ધીમો કે નબળો ન પડે તેની તકેદારી રાખવા પણ સૌ સાથીઓને સૂચવે છે. સમય સારો આવશે જ, માતૃભૂમિ આઝાદ થશે જ તેવો ખમીરવંતો વિશ્વાસ તેમના જેલકાળના જીવનમાં પણ ટકાવી રાખ્યો છે અને તક મળી ત્યારે વ્યક્ત પણ કર્યો છે. જેલમાં પણ તેમણે ઘણાં વર્ષો સુધી અનાજ છોડીને વિતાવેલા હતા. કુટુંબની માલિકીની હવેલી જપ્ત થઈ જતાં સમગ્ર કુટુંબના સભ્યો રસ્તા પર આવી ગયા હોવા છતાં કોઈ નબળો વિચાર તેમણે ક્યારે પણ કર્યો ન હતો. પરાધિન ભારતમાતાના પુત્રો પાસે કાળ બલિદાન માંગે છે તે વાત તેમણે હમેશા ઘુંટી છે અને સૌ પાસે ઘૂંટાવી છે. સ્વરચિત એક દોહામાં તેમણે આ લાગણી પ્રગટ કરી છે.

દિન દુણા નિશ ચૌગુણા સહયા કષ્ટ અનેક,
સહી ન ગઈ પળ સિંહથી પરાધિનતા એક.

ઠાકુર સાહેબના લઘુબંધુ ક્રાંતિવીર ઠાકુર જોરાવરસિંહજી પણ બલિદાનની ગૌરવ ગાથા સમાન જીવન જીવી ગયા. હિન્દુસ્તાનના વાઈસરોય લોર્ડ હાર્ડિંગની શાહી સવારી ઉપર ચાંદની ચોક દિલ્હીમાં બોમ્બ ફેંકવાના જાણીતા કેસમાં બ્રિટિશ પોલીસ તેમની સતત શોધમાં હતી. પરંતુ આ નરકેસરી કદી પકડાયા નહિ અને લગભગ ત્રણ દાયકા સુધી સતત પરિભ્રમણ કરીને બ્રિટિશ પોલીસની આંખમાં ધૂળ નાખતા રહ્યા. આ સિવાય પણ તેમની સામે કેટલાક કેસ રજિસ્ટર કરવામાં આવેલા. ઓક્ટોબર-૧૯૩૯માં તેઓએ આખરી શ્વાસ લીધો ત્યાં સુધી મુક્ત રહ્યા અને અંતિમ શ્વાસો લેતી વખતે માતૃભૂમિને તથા આઈ કરણીને પોતાની જાતનું સંપૂર્ણ આત્મગૌરવથી સમર્પણ કર્યું. વીરતા તથા બલિદાનની આ એક અમર ગાથા છે. બનારસ ષડયંત્રના કેસમાં અંગ્રેજ સત્તાએ કેસરીસિંહજીના સુપુત્ર કુંવર પ્રતાપની ધરપકડ કરી. પ્રતાપસિંહ પાસે તેમના સતત તથા જીવંત સંપર્કને કારણે દેશના અનેક ક્રાંતિકારીઓની પ્રવૃત્તિ બાબત મહત્વની જાણકારી હતી. અનેક શારીરિક યાતનાઓ સહન કરીને પણ કુંવર પ્રતાપે ક્રાંતિકારીઓની ગતિવિધિની કોઈ માહિતી બ્રિટીશ પોલીસને ન આપી. બરેલી જેલની કાલકોઠડી— જ્ઞૈંટિઅિ ષ્ઠીજ્ઞજ્ઞ માં અનેક યાતનાઓ સહન કરતાં કરતાં આ યુવાને મે-૧૯૧૮માં મહાપ્રયાણ કર્યું. એક ક્રાંતિકારી રાવ ગોપાલસિંહે પ્રતાપને અંજલી આપતા ભાવવિભોર થઈને કહ્યું કે 'વિધાતાએ એકસો વીર ક્ષત્રિયના સામર્થ્યને એકઠું કરીને એક પ્રતાપનું નિર્માણ કર્યું હતું.'

વિનમ્રતાની અને દ્રઢતાની શાક્ષાત મૂર્તિ સમાન તેમનું વ્યક્તિત્વ હતું. ઠાકુર સાહેબના ધર્મપત્નિનું નિધન થયું ત્યારપછી તેમણે કેટલીક યાદગાર રચનાઓ અંતરના ભાવથી કરી છે. જીવનમાં કેવા-કવા ચઢાવ ઉતાર આવ્યાં !

સામ્રાજય શક્તિ શત્રુ કી,
સર્વસ્વ થા વો કઢ ગયા,
પ્રિય વીર પુત્ર પ્રતાપ - સા
વેદી બલી પર ચઢ ગયા
ભ્રાત જોરાવર હુઆ પ્યારા
નિછાવર પથ પર વહી,
પતિત — પાવન દીનબંધો !
શરણ એક તેરી ગહી.

ઠાકુર કેસરીસિંહજી બારહઠ્ઠ ક્રાંતિવીરોના તારામંડળના એક તેજસ્વી તારક સમાન હતા. ઠાકુર સાહેબનો જન્મ ૨૧ મી નવેમ્બર, ૧૮૭૨ ના રોજ થયો હતો. તેમના પિતાશ્રી ઠાકુર કૃષ્ણસિંહજી ઈતિહાસના-મર્મજ્ઞ, લેખક તથા સમાજમાં પોતાની વિદ્વતાના કારણે વિશિષ્ટ આદરમાન ધરાવતા વ્યક્તિ વિશેષ હતા. ઠાકુર કૃષ્ણસિંહજીએ ''રાજપુતાના કા ઈતિહાસ'' ઉપરાંત સૂર્યમલજી મિસણની પ્રસિધ્ધ ઐતિહાસિક રચના 'વંશભાસ્કર' ની ટીકા લખી છે. ઠાકુર કૃષ્ણસિંહજી મહર્ષિ દયાનંદ સરસ્વતિના સ્વાભિમાન તથા શિક્ષણના ઉમદા વિચારોથી પ્રભાવિત હતા. ઠાકુર સાહેબના બન્ને સુપુત્રો - કેસરીસિંહજી તથા જોરાવરસિંહજીએ માભોમની મુક્તિ માટે આપેલા આકરા બલિદાન એ રાજસ્થાનની મુક્તિ ચળવળના સુવર્ણપૃષ્ઠ સમાન છે. તેવા જ ઉજળા બલિદાનની ગાથા ઠાકુર સાહેબના સુપુત્ર કુંવર પ્રતાપસિંહની છે. કુંવર પ્રતાપનો જન્મ ૧૮૯૩ માં સંસ્કારી તથા પહાડ જેવી દ્રઢતા ધરાવનાર માતા માણિક્ય કુંવરની કૂખે થયો હતો. વર્ષો પહેલા હિન્દીના સુપ્રસિધ્ધ સામયિક ધર્મયુગમાં એક વરિષ્ઠ અધ્યાપકે લખેલો લેખ વાંચ્યો હતો જેમાં તેમણે કેસરીસિંહજીના પરિવારના સર્વગ્રાહિ બલિદાનને કારણે રાજસ્થાનનો સ્વાતંત્ર્ય પ્રાપ્તિ માટેનો ઈતિહાસ અધિક ઉજળો થયો છે તેવું પ્રતિપાદિત કર્યું હતું. એક કુટુંબના બલિદાનની કેવી ઉજ્વળ ગાથા !

# અનુવાદ - બાલસાહિત્ય પ્રકાશન માટે અકાદમીની સહાય




● ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર ચારણ ગઢવી ઈન્ટરનેશલ ફાઉન્ડેશન તથા અખિલ કચ્છ ચારણસભા - માંડવી (કચ્છ)ના સંયુક્ત ઉપક્રમે, 'રાજસ્થાન કેસરી કેસરીસિંહ બારહટ્ટ (ચારણ)'ના જીવન અને કવન વિષેનો એક પરિસંવાદ તા.૨૩મી એપ્રિલ, ૨૦૧૭ના રોજ શ્યામજી કૃષ્ણવર્મા, ક્રાંતિતીર્થ, માંડવી જિ. કચ્છ ખાતે રવિદાન જી. મોડ, ચેરમેન ચા.ગ. ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન, ગાંધીનગરના અધ્યક્ષ સ્થાને અને ડૉ. ચંદ્રસિંહ જાડેજા - કુલપતિ, શ્યામજી કૃષ્ણવર્મા યુનિ, ભૂજના મુખ્ય મહેમાન પદે અવિશ્વનીકુમાર ફતેસિંહ, કૈલાસદાન જાડાવત અને પ્રવીણ ગઢવીના અતિથિ વિશેષપદે યોજાઈ ગયો, જેમાં વરિષ્ઠ પત્રકાર અને પદ્મશ્રી વિષ્ણુ પંડ્યાએ બીજરૂપ વકતવ્ય આપ્યું હતું, તેની પૂર્વે શ્યામજી કૃષ્ણ વર્મા ક્રાંતિતીર્થ ખાતે રાજસ્થાન કેસરી કેસરીસિંહ બારહટ્ટ તથા તેમના વીરપુત્ર શહીદ પ્રતાપસિંહનાં તૈલચિત્રોનો અનાવરણવિધિ મંચસ્થ મહાનુભાવો દ્વારા કરવામાં આવ્યો હતો, ત્યારબાદ સાહિત્ય સભામાં ડૉ. અંબાદાન રોહડિયા દ્વારા 'કેસરીસિંહ બારહટ્ટના ક્રાંતિકારી વિચારો' વિશે પ્રવીણ ગઢવીએ 'કેસરીસિંહ બારહટ્ટ'ના પદ્યવિષે અને કૈલાશદાન જાડાવતે 'કેસરીસિંહ બારહટ્ટના ગદ્ય' વિસે વકતવ્યો આપ્યા હતા.

● મૂર્ધન્ય કવિ નરંજન ભગત જેમણે માટે લખે છે : 'કવિ શબ્દ જેમના નામની આગળ શોભે છે તેવા' અને જ્ઞાનપીઠ એવોર્ડથી વિભૂષિત રઘુવીર ચૌધરી કહે છે તેમ 'જેમના ચૌદે ચૌદે કાવ્યસંગ્રહો સાગરમાંથી નીકલેલા ૧૪ રત્ન સમાન છે.' તેવા ગુજરાતી ભાષાના મૂર્ધન્ય કવિ ચંદ્રકાન્ત શેઠને ત્રીજી માર્ચ, ૨૦૧૭ના રોજ, વડોદરાની પ્રેમાનંદ સાહિત્ય સભાએ 'પ્રેમાનંદ સુવર્ણચંદ્રક એનાયત કર્યો. તાજેતરમાં જ તેમનો 'પ્રેમાનંદનું ભાષાકર્મ' નામક અભ્યાસ ગ્રંથ, ગુજરાત સાહિત્ય પરિષદ તરફથી પ્રગટ થયો છે, તે એક સુખદ યોગાનુયોગ છે.

● ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદના ઉપક્રમે તા.૧૮ માર્ચે ૨૦૧૭ના રોજ 'બે વર્ષના સાહિત્યનું સરવૈયું ૨૦૧૪-૧૫ વિષય પર એક દિવસીય કાર્યક્રમ પરિષદ અમદાવાદ ખાતે યોજાઈ ગયો. ઉદ્ઘાટન બેઠકમાં મંત્રી પ્રફુલ્લ રાવલે સ્વાગત કર્યું હતું અને પરિસંવાદની ભૂમિકા બાંધી હતી. પરિષદના પ્રમુખ ચંદ્રકાન્ત ટોપીવાળાએ પ્રમુખીય પ્રવચન કર્યું હતું. દ્વિતીય બેઠકમાં કનુભાઈ ખડડિયાએ 'નવલકથા-૨૦૧૪' વિષે અને ભાવેશ જેઠવાએ 'નવલકથા-૨૦૧૫' વિષે સરવૈયું રજૂ કર્યું હતું. આ બેઠકનું સૂચારું સંચાલન ગાંધીનગર સાહિત્ય સભાના ટ્રસ્ટી અને લેખિકા પ્રજ્ઞા પટેલે કહ્યું હતું. તૃતીય બેઠકમાં ધ્વનિલ પારેખે 'કવિતા' વિશે મીનલ દવે એ 'ચરિત્ર' વિશે, કિશોર પંડ્યા એ 'બાળસાહિત્ય' વિશે અને રૂપાલી બર્કએ 'અનુવાદ' વિષયે વકતવ્યો રજૂ કર્યા હતા. આ બેઠકનું સંચાલન અજય રાવલે અને આભારવિધિ પ્રફુલ્લ રાવલે કરી હતી.

● પદ્મશ્રી અને રણજીતરા સુવર્ણચંદ્રક વિજેતા સાહિત્યકાર ગુણવંત શાહને આ વર્ષનો ગુજરાતી સાહિત્ય માટેનો લાઈફટાઈમ એચિવમેન્ટ માટેનો ગુજરાતી સાહિત્યનો પ્રતિષ્ઠિત એવોર્ડ,'સાહિત્ય રત્ન' આપવાનું જાહેર થયેલ છે, જેમાં એક લાખ એકાવન હજારની ધનરાશિ સાથે સાહિત્ય એવોર્ડ અર્પણ થશે.

● વિશ્વવિખ્યાત હાસ્યકલાકાર અને તત્વચિંતક શાહબુદ્દિન રાઠોડને 'બાબુભાઈ રાણપુરા' એવોર્ડ એનાયત થયો છે.

● 'સર્જક સેતુ'ના સંપાદક રવજીભાઈ કાચાને તેમના 'વાર્તાસંગ્રહ' 'ડાયનોસોરની સવારી' માટે ૨૦૧૨નું પારિતોષિક ગુજરાત સાહિત્ય અકાદમી તરફથી પ્રાપ્ત થયેલ છે. જાહેર થયેલ છે. તેમજ 'વડદાદાની ધર્મશાળા' ને સ્મિતા પારેખ એવોર્ડ ગોરધન ભેંસાણિયાને તેમનાં વાર્તા-સંગ્રહ 'પડથારો' માટે 'નાનાભાઈ જેબલિયા સ્મૃતિ' એવોર્ડ પ્રાપ્ત થયો છે.

● અગાઉ જેમની એક પણ સાહિત્યકિત પુસ્તકરૂપે પ્રગટ થઈ નથી. તેવા નવોદિત લેખકને સાહિત્યનાં વિવિધ સ્વરુપોમાં લખાયેલી મૌલિક કૃતિના પ્રથમ પ્રકાશન માટે રૂા. ૧૫,૦૦૦ સુધીની પ્રકાશન સહાય ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર દ્વારા આપવામાં આવે છે. આ માટે જરૂરી બે હસ્તપ્રત વ્યવસ્થિ રીતે ફાઈલ કરીને, આવેદનપત્રો નમૂના મુજબની અરજી ફોર્મમાં અકાદમીને તા.૩૦-૦૬-૨૦૧૭ સુધીમાં મોકલી આપવાની રહેશે.

● અન્ય ભારતીય ભાષામાંથી ગુજરાતી ભાષામાં અનુવાદ તથા ગુજરાતી ભાષાની ઉત્તમ કૃતિઓ અન્ય ભાષામાં અનુવાદ કરવા, અનુવાદકોને પુસ્તક પ્રકાશન માટે રૂા. ૧૫,૦૦૦ની આર્થિક સહાય આપવામાં આવે છે. આ માટે એક હસ્તપ્રત આવેદનપત્ર સાથે અકાદમીને તા.૩૦-૦૬-૨૦૧૭ સુધીમાં મોકલી આપવાની રહેશે.

● બાળસાહિત્યનું પ્રકાશન થતું રહે અને ગુજરાતનાં બાળખોને નવું સર્જાતું બાળસાહિત્ય મળી રહે તે હેતુથી આ વિષયના લેખકોને પ્રકાશન-સહાયરૂપે અને બાળસાહિત્યને પ્રોત્સાહન માટે રૂા. ૫,૦૦૦ સુધીની સહાય આપવામાં આવે છે. આ માટે એક હસ્તપ્રત ફાઈલ કરી, તા. ૩૦-૦૬-૨૦૧૭ સુધીમાં અકાદમીને મોકલી આપવાની રહેશે.

● ગુજરાત સાહિત્ય અકાદમી અને મંગળ મિલન સાહિત્ય વર્તુળ, ધ્રાંગધ્રાના સંયુક્ત ઉપક્રમે તા.૨૧-૩-૧૭ ના રોજ ધ્રાંગધ્રા ખાતે 'આપણી ભાષાના ત્રણ સૂર્ય : નરસિંહ મહેતા, પ્રેમાનંદ અને નર્મદ' કાર્યક્રમ યોજાઈ ગયો, જેમાં આ ત્રણ શબ્દસૂરિઓનું મહિમાગાન અનુક્રમે ડૉ. રમણલાલ મારું, ડૉ. હસમુખ યાજ્ઞિક અને ડૉ. દીપક પંડ્યાએ કર્યું હતું. નરસિંહ મહેતાએ ગુજરાતી કાવ્યજગતમાં શૃંગાર હતું અને ફિલસૂફીના વિવિધ આયામો રજૂ કર્યા હતા. તો પ્રેમાનંદે આખ્યાનોના લોકપ્રિય ખેડાણો થકી, પૌરાણિક કથાઓને માણભટ્ટીય, શૈલીમાં જીવંત કરી હતી : નર્મદે 'ચલો જીતવા જંગ'ની હાકલ કરીને ગુજરાતીમાં સુદારા યુગનાં વ્યવહારિક મંડાણ કર્યા હતા. સી.કે. વ્યાસ, રમણભાઈ ચૌહાણ, સંદીય પાઠક, ભૂપત રાય ઠાકર અને રજનીશ ઉપાધ્યાય વગેરે કાર્યક્રમના સંયોજકો હતો. આયોજન વ્યવસ્થા કનૈયાલાલ ભટ્ટની હતી.

- muljibhaidadhi@gmail.com